**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૧/૫/૨૦૧૭ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૦/૧૭</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૦૫ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૮ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૧૧ બીયરટીન કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૧/૧૭</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૨/૧૭</u>**

**ક્રાઇમબ્રાન્ચ :** ડૉ. જીતેન્દ્ર હરગોવનદાસ શાહ (ઉ.વ.૬૧)(રહે.અભીયાન એપાર્ટમેન્ટ સેન્ટ ઝેવીયર્સ સ્કુલ પાસે નારણપુર) એ તા.૨૦/૫/૧૭ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૫/૧૭ ના કલાક ૧૧/૨૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે જીતેન્દ્રભાઇનાં મોબાઇલ ફોન ઉપર કોઇ અજાણી વ્યક્તિએ ફોન કરી, યુક્તિ પ્રયુક્તિ વાપરી જીતેન્દ્રભાઇનાં એક્ષીસ બેંકના ક્રેડીટકાર્ડનો નંબર તથા પાસવર્ડ મેળવી લઈ, જીતેન્દ્રભાઇની જાણ બહાર તેમનાં ક્રેડીટકાર્ડથી કુલ રૂપીયા ૨,૩૪,૦૦૦/- ની ખરીદી કરી, જીતેન્દ્રભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**સરખેજ :** નરેન્દ્રકુમાર શ્રીરામયણપ્રસાદ દુબે (ઉ.વ.૪૦) (રહે,રહે,ગોકુલ આવાસ જોધપુરગામ રોડ સેટેલાઈટ) એ તા.૨૦/૫/૧૭ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૨/૧૭ થી તા.૦૯/૦૨/૧૭ દરમ્યાન આરોપી મે.ડી. એન્ડ આર. મેકેનીકલ એલ.એલ.સી.ના માલીક વિરેન્દ્રકુમાર તથા આલોકશર્મા (જેઓના પુરા નામ સરનામાની ખબર નથી) (ઓફીસ: મેટ્રીક્ષ કોમ્પલેક્ષ કોર્પોરેટરોડ મકરબા) નાઓએ ભેગામળી નરેન્દ્રકુમારને વિશ્વાસમાં લઇ, તેમની પાસેથી એચ.પી.કંપનીના મોડલ નં-૮૪૭૦ નાં કુલ-૧૦ લેપટોપ કુલ કિંમત રૂપિયા ૧,૮૫,૦૦૦/- ની ખરીદી કરી બીજા દીવસે ચેક થી પૈસા આપવાનું જણાવી, ઓફીસ ખાલી કરી જતા રહી, નરેન્દ્રકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.ધાધલ્યા ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૩/૧૭</u>**

**વસ્ત્રાપુર (૧) :** પ્રફુલભાઇ પ્રાણશંકર ત્રિવેદી (રહે,કોસ્મોવીલા રો-હાઉસ પ્રેમચંદનગરની પાછળ બોડકદેવ) એ તા.૨૦/૫/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નવેમ્બર-૨૦૧૬ થી તા.૧૯/૫/૨૦૧૭ ના રાતના ૯/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન સંગઠન સોસાયટી, હીમાલીયા મોલની સામેની ગલીમાં આવેલ બંગલાનાં બેડરૂમની બારીની ગ્રીલ તોડી, અજાણી વ્યક્તિ બંગલામાં પ્રવેશ કરી, પ્રથમ માળે આવેલ બેડરૂમના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના તથા લેડીઝ ઘડીયાળ મળી કુલ રૂપીયા ૧,૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જેસિંગભાઇ હમીરભાઇ ચલાવે છે.

**વસ્ત્રાપુર (૨) :** રાકેશ ચંન્દ્રકાંતભાઇ થાવાણી(રહે,મહાદેવ ફ્લેટ ભાર્ગવ રોડ બંગલા એરીયા કુબેરનગર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૫/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૦/૦૫/૧૭ ના કલાક ૧૦/30 સુધીનાં સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર સંદેશપ્રેસ રોડ પેઝવન હોટલ સામે સાંઇનાથ મોબાઇલ ઝોન નામની પોતાની દુકાનનાં મુખ્ય શટરના બંને નકુચા તોડી, શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, મોબાઇલ તથા એસેસરીઝ મળી કુલ રૂપીયા ૫,૧૩,૨૬૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી આર.કે.વાણિયા ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** દેવેન્દ્રભાઇ ચીમનલાલ કડીયા (રહે,નિર્માણ સ્કવેર ટેનામેંટ વિશ્વકર્મા મંદીરની પાછળ ચાંદલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૫/૧૭ રાતના ૧૧/૪૫ થી તા.૨૦/૫/૧૭ સવારના ૫/૪૫ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાનાં બંધ મકાનની પાછળની બારીની ગ્રીલ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીના પેટીના લોક ખોલી, સોનાના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૮૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયો :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૪/૧૭</u>**

**કાલુપુર:** મુકેશભાઇ બાબુભાઇ મહેતા(ઉ.વ.૪૫)(રહે,જાગૃતી શ્રમજીવી સોસાયટી શેરી નં-૫, આશુતોષ બંગ્લોઝ, રાજકોટ) એ તા.૨૦/૫/૧૭ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૫/૨૦૧૭ સાંજનાં ૫/૦૦ થી ૫/૧૫ વાગ્યા દરમ્યાન મોતી મહેલ બેકરી તરફથી રેલ્વે સ્ટેશન તરફનાં પહેલા એએમ.ટી.એસ. બસસ્ટોપ પાસે રોડ ઉપર એક અજાણ્યો છોકરો (૨૦ વર્ષનાં આશરાનો) મુકેશભાઇનાં ગળામાંથી સોનાનીપેંડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ઝીલરીયા ચલાવે છે.

**<u>બળજબરીથી કઢાવી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૬૫/૧૭</u>**

**શાહીબાગ :** જ્યંતિલાલ ઉતમચંદ શાહ (ઉ.વ.૫૩)(રહે,અરિહંતનગર કચ્છીભવન સામે શાહીબાગ) એ તા.૨૦/૫/૧૭ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૫/૨૦૧૭ નાં કલાક ૩/૪૫ વાગ્યાના સુમારે શાહીબાગ અરિહંતટાવર આગળ આવેલ ઇસ્ત્રીની દુકાન આગળ બે મોટર સાયકલ ઉપર આવેલ ચાર અજાણ્યા ઇસમોએ ભેગામળી જયંતિલાલને ડરાવી ધમકાવી બળજબરી પુર્વક તેમનો સોનાનો દોરો કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડા રૂપિયા ૫,૪૮૦/- મળી કુલ રૂપિયા ૨૦,૪૮૦/-ની મતા લઇ પલાયન થઇ ગયા હતા.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૬૬/૧૭**

**સોલા હાઇકોર્ટ :** જયદિપભાઇ સરતાનભાઇ રબારી (રહે,તપશિધ્ધી ફ્લેટ, જનતાનગર ક્રોસીંગની બાજુમા ઘાટલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૫/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીક પોતાની સ્વિફ્ટ ડિઝાયર ટુર કાર નંબર. જીજે.૦૧.ડી.ઝેડ. ૨૮૧૧ કિંમત રૂપીયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૭/૦૫/૧૭ સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**ઉંચાઇથી પડી જતાં મૃત્યુ:** **સમાચાર યાદી નં.૧૦૬૭/૧૭**

**જી.આઇ.ડી.સી.વટવા :** હરીશ સરદારભાઈ પરમાર (ઉ.વ.૨૫)(રહે,જશાની મુવાડી તાકઠલાલ જી.ખેડા) તા.૧૮/૦૫/૧૭ બપોરના ૧૨/૩૦ વાગ્યાનાં સુમારે વટવા જીઆઈડીસી ફેઝ-૪ માં આવેલ રવિ પ્લાસ મોલ્ડ પ્રા.લી. માં પતરા ખોલતી વખતે અચાનક લગભગ ૧૫ ફુટ જેટલી ઉંચાઈથી નીચે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતાં, સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૫/૧૭ સવારનાં ૭/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**કરંટ લાગતાં મૃત્યુ:** **સમાચાર યાદી નં.૧૦૬૮/૧૭**

**ઓઢવ :** પિયુષકુમાર બળદેવભાઇ મહેરીયા (ઉ.વ.૨૧)(રહે,હરણા ઓડા તા.માણસા જી.ગાંધીનગર) ને તા.૨૦/૫/૧૭ નાં કલાક ૬/૩૦ વાગ્યાનાં સુમારે ઓઢવ ગરીબ આવાસ યોજના, જીવન જ્યોત સોસાયટી ની સામે તેમના ભાઇના ઘરે પાણીની ઇલેક્ટ્રીક મોટરથી કરંટ લાગતાં, સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં લાવતા ફરજ પર ડો.શ્રી એ તેમને કલાક ૯/૦૦ વાગે મૃતજાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી,આ અંગેની તપાસ હે.કો.શ્રી જીવસિહ તીતસિહ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ:** **સમાચાર યાદી નં.૧૦૬૯/૧૭**

**રામોલ :** જશોદાબેન વા/ઓ બિપીનકુમાર પારગી (ઉ.વ.૨૩)(રહે,મુકતાનંદપાર્ક જામફડવાડી રામોલ) તા.૧૯/૫/૧૭ રાતનાં ૧૦/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પ્રાઈમસ ઉપર જમવાનુ બનાવતા હતા દરમ્યાન અચાનક પ્રાઈમસમાં ભડકો થતાં, આગની જાળ જશોદાબેનના કપડામાં લાગતા, શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૫/૧૭ સવારના ૯/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.